PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૭/કવા–૦૨/૧૮–૧૯/ 9229-1 તા. 05-10-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દિલીપગર રામગર રામદતી,
ગામ:ગાંધવી
તા.કલ્યાણપુર,
જી: દેવભુમી દ્વારકા
પીનકોડ–૩૬૦૫૩૧
મો: ૯૯૨૫૦ ૧૧૨૯૮

HB

વિષય :–વાણીજ્ય હેતુ ના જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૭/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૭/કવા–૦૨/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૨૦–૦૯–૧૮ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: દિલીપગર રામગર રામદતી, ગામ: ગાંધવી

રજુઆત કરનાર: અરજદાર દિલીપગર રામગર રામદતી હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

ફરીયાદ : વાણીજ્ય હેતુ ના જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓની સ્વતંત્ર માલીકી ની ગામ:ગાંધવી ખાતે આવેલ દુકાન મા વાણીજ્ય હેતુ નુ જોડાણ મેળવવા માટે – તા.૨૭–૧૧–૧૪ ના રોજ સામેવાળા ને લેખીત અરજી કરેલ હતી. તે અંગે ની ફી પેટે રૂ.૧૦૦/– ભરેલ હતા, જેના અનુસંધાને પીજીવીસીએલ તરફથી ભાવપત્રક અપાયેલ હતુ. તેઓએ ભાવપત્રક ની રકમ તા.૦૫–૦૧–૧૫ થી ભરપાઈ કરી આપેલ હોય – અને પીજીવીસીએલ તરફથી આજદિન સુધી જોડાણ અપાયેલ ન હોય – તેમજ તેઓને સીધા વપરાશ ની ફરજ પડતા – તેઓને પાવરચોરી નુ બીલ અપાયેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી દિલીપગર રામગર રામદતી દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. ગાંધવી ખાતે વાણિજ્ય હેતુ ના જોડાણ માટે તા.27-11-14 ના રોજ અરજી કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી ખાતે કરેલ હતી અને જે અનુસંધાને પેટા વિભાગીય કચેરી દ્વારા જેતે સમયે સદર વીજ જોડાણ નું અંદાજપત્ર આપવામાં આવેલ હતું જે અરજદાર દ્વારા તા.05-01-15 ના રોજ ભરપાઈ કરેલ હતું<br><br>સદર તમામ કાર્યવાહી અરજદાર દ્વારા પૂર્ણ કર્યા બાદ અરજદારના નવીન 1ph વીજ જોડાણ લગાવવા માટે જે તે સમયે પેટા વિભાગીય કચેરી દ્વારા કાર્યવાહી કરવા માં આવેલ હતી પરંતુ સદર સ્થળ પર હળવા દબાણની વીજ લાઇન ઊભી કરવાની થતી હોય સદર વીજ જોડાણ લગાવી શકાયેલ ના હતું. ત્યારબાદ તા.25-02-2016 ના રોજ અરજદાર સદર માંગેલ વિજજોડણ વળી જગ્યાએ થાંભલેથી ડાયરેક્ટ વીજજોડાણ લઈ વીજચોરી કરતા - સદર વીજ ચોરી બાબત નું રૂ 26286.96 તથા કમ્પાઉંડિંગ ચાર્જ રૂ.1000 અરજદાર ને તા.25-02-2016 ના રોજ મોકલેલ હતું.<br>સદર કરેલ વીજચોરી ના નાણાં અરજદાર દ્વારા ત્રણ હપ્તામાં ભરપાઈ કરેલ હતા. જેની વિગત નીચે મુજબ છે.<br>રૂ 15000 રસીદ નં XC997182 તા. 17-10-16<br>રૂ 9500 રસીદ નં WO0974126 તા. 18-01-18<br>રૂ 17900 અને કંપાઉંડિંગ રૂ 1000 રસીદ નં WO974231 તથા WO974232 તા. 19-01-18 |

સદર અરજદાર દ્વારા વીજચોરીના નાણાં ભરપાઈ કર્યા બાદ પેટાવિભાગીય કચેરી દ્વારા સદર માંગેલ વીજ જોડાણ વળી જગ્યાએ વીજ મીટર લગાવવા માટે બે થી ત્રણ વખત કોન્ટ્રાકટર ને મોકલેલ હતા પરંતુ અરજદાર ની દુકાન બંધ હોતા તથા અરજદાર નો સંપર્ક ન થતાં -સદર અરજદાર નું વિજમીટર લગાવી શકાયેલ ના હતું .

ત્યારબાદ તા.29-05-18 ના રોજ સદર અરજદારના માંગેલ વિજજોડાણ વાળી જગ્યાએ અરજદાર ફરીથી થાંભલેથી ડાયરેક્ટ વીજજોડાણ લઈ વીજચોરી કરતા માલૂમ પડતા વીજચોરીનું બિલ રૂ 86939.25 તથા કમ્પાઉંડિંગ ચાર્જ રૂ.2000 નું વીજચોરી નું બિલ અરજદાર દ્વારા આજદિન સુધી ભરપાઈ કરેલ ના હોય સદર અરજદારનું નવીન 1ph વિજજોડાણ પેટા વિભાગીય કચેરી દ્વારા આપેલ નથી જે અરજદાર દ્વારા ભરપાઈ કર્યા બાદ સદર વીજ જોડાણ આપવાની કાર્યવાહી પેટા વિભાગીય કચેરી દ્વારા હાથ ધરવામાં આવશે. આ સંદર્ભે અરજદારને પત્ર કેએસડી/ટેક/૧૮/૭૦૦૨ તા.૧૯.૦૯.૨૦૧૮ થી દ્વારા જાણ કરેલ છે.

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

**<u>૩</u>** **ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.**

**<u>૩.૧</u>** **અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી** દિલીપગર રામગર રામદતી દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. ગાંધવી ખાતે વાણિજ્ય હેતુ ના જોડાણ માટે તા.27-11-14 ના રોજ અરજી કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી ખાતે કરેલ હતી. **જે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયત ભાવપત્રક અપાતા – અરજદારે નીચે મુજબ** ભરપાઈ **કરેલ છે.**

રૂ 3,૫૦૦ રસીદ નં YO ૬૬૨૦૦૫ તા.05-01-15 - **સર્વિસ કનેકશન ચાર્જ**

રૂ ૬૦૬ રસીદ નં YO ૬૬૨૦૦૬ તા.05-01-15 - **સીક્યોરીટી ડિપોઝીટ ચાર્જ**

રૂ. ૨૦ રસીદ નં XW 173084 તા.03-08-15 - **ટેસ્ટ રીપોર્ટ**

**ઉપરોક્ત** સદર જગ્યાએ તા.૨૫–૦૨–૧૬ ના રોજ – અરજદાર થાંભલેથી ડાયરેક્ટ વીજજોડાણ લઈ વીજચોરી કરતા માલૂમ પડતા વીજચોરી નું બિલ રૂ 26286.96 તથા કમ્પાઉંડિંગ ચાર્જ રૂ.1000 અરજદાર ને તા.25-02-2016 ના રોજ મોકલેલ હતું. સદર કરેલ વીજચોરી ના નાણાં અરજદાર દ્વારા ત્રણ હપ્તામાં તા.17-10-16, તા.18-01-18 તા.19-01-18 ના રોજ ભરપાઈ કરેલ હતા.

**ત્યારબાદ, ફરીથી** તા.29-05-18 ના રોજ સદર અરજદારના માંગેલ વિજજોડાણ વાળી જગ્યાએ અરજદાર થાંભલેથી ડાયરેક્ટ વીજજોડાણ લઈ વીજચોરી કરતા માલૂમ પડતા - તા.29-05-18 ના રોજ વીજચોરીનું બિલ રૂ 86939.25 તથા કમ્પાઉંડિંગ ચાર્જ રૂ.2000 નું વીજચોરી નું બિલ મોકલેલ હતું. અરજદાર દ્વારા આજદિન સુધી સદર વીજચોરી નું બિલ ભરપાઈ કરેલ ના હોય સદર અરજદારનું નવીન 1ph વિજજોડાણ પેટા વિભાગીય કચેરી દ્વારા આપેલ નથી. આ સંદર્ભે અરજદારને પત્ર કેએસડી/ટેક/૧૮/૭૦૦૨ તા.૧૯.૦૯.૨૦૧૮ થી જાણ કરેલ છે.

**<u>૩.૨</u>** **ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા વીજચોરી નુ બીલ અને કમ્પાઉન્ડીગ ચાર્જ તા.૧૯–૦૧–૧૮ સુધીમા ભરપાઈ કરેલ હોય – પરંતુ, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ત્યારબાદ – વીજજોડાણ આપવાની કાર્યવાહી અંગેના આધાર–પુરાવા રજુ કરાયેલ નથી. જેથી, જે તે સમયે કસુરવાર કર્મચારી સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા અંગે સુચિત કરવામા આવે છે. વધુમાં ફરીયાદી અરજદાર દ્વારા – ફરીથી વીજચોરી અંગે નુ બીલ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અપાયેલ છે. જે અરજદાર દ્વારા ભરપાઈ થયે તાત્કાલીક નિયમાધીન રીતે વીજજોડાણ ચાલુ કરવુ.**

| | |
|---|---|
| <u>૩.૩</u> | ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – સદર કેઈસ વીજ ધારા–૨૦૦૩ની કલમ–૧૩૫ અંતર્ગત નો હોય – જેથી નામદાર જીઈઆરસીના નોટિફીકેશન નં. – ૦૨/૨૦૧૧ (ફોરમ રેગ્યુલેશન) ના મુદા નં. – ૨.૩૦ (૨)માં કરાયેલ જોગવાઈ મુજબ, વીજ ધારા–૨૦૦૩ની કલમ–૧૩૫ હેઠળ થયેલ કાર્યવાહી અન્વયે પીજીવીસીએલ તરફથી પાવરચોરી આનુષંગિક અપાયેલ પૂરવણી બીલ સબબના કેસના નિકાલની કામગીરી અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય. આ બાબતે અત્રે તરફથી વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોવાથી, અત્રેના ફોરમ તરફથી આપ શ્રી તરફથી મળેલ ઉપરોક્ત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવા બાબતે નો – ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u>

<u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.